ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૨૮ ટકા

## 'ખ' માર્ગ પર ૨૪/૨૫ કટ પાસે અકસ્માત



ગાંધીનગર, તા.૩

શહેરના 'ખ' માર્ગ પર આજે ૧૨ વાગ્યાના અરસામાં સેકટર-૨૪/૨૫ કટ પાસે કાર-એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એકટીવા ચાલકને ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. આ માર્ગ પર સ્થાનિક વસાહતીઓ દ્વારા અનેકવાર અકસ્માતને પગલે બમ્પ બનાવવા માટે તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી છે. પરંતુ તંત્ર દ્વારા આ કટ પાસે બમ્પ બનાવવામાં આવતો નથી જેને પગલે વસાહતીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

## મધુર ડેરી ખાતે કોરોના વેકિસન કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ 'મધુર ડેરી'ના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા તથા ગાંધનગર જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના ડૉ. સોલંકી (સીડીએચઓ)ના સંયુકત પ્રયાસથી મધુર ડેરી ખાતે ફરજો બજાવતા તમામ કર્મચારીઓના હિતાર્થે કોરોના વેકિસન આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોરના વેકિસન કેમ્પનો મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા તેમજ મધુર ડેરીના કર્મચારીઓ/અધિકારીઓએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. આ કોરોના વેકિસનનો કેમ્પ કરવા બદલ મધુર ડેરીએ આરોગ્ય ખાતાની ટીમનો આભાર માન્યો હતો.

# ગાંધીનગરના ઑલરાઉન્ડર સલીલ યાદવે ફર્સ્ટ કલાસ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

### રણજી ટ્રોફી સહિત અનેક ટૂર્નામેન્ટ રમી ચુકેલા સલીલ યાદવ હાલ ગાંધીનગરની બાળ ક્રિકેટ પ્રતિભાઓને અત્યાધુનિક ઢબે તાલીમ આપી રહ્યા છે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના જાણીતા રણજી પ્લેયર સલીલ યાદવે આજે તેમના જન્મદિને તમામ પ્રકારના ફર્સ્ટ કલાસ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. સલીલ યાદવે ગુજરાતની ટીમમાં એક ઑલરાઉન્ડર તરીકે રમતાં ૨૨ મેચમાં કુલ ૪૯ વિકેટ ઝડપી હતી અને ૩૩૧ રન કર્યા હતા. આ ઉપરાંત તેઓ આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમનો ભાગ રહી ચુકયા છે અને અત્યારે હાલ ગાંધીનગર સ્પોર્ટસ એકેડેમી થકી શહેરની બાળ ક્રિકેટ પ્રતિભાઓને ક્રિકેટ ક્ષેત્રે કારકિર્દી બનાવવા આધુનિક ઢબે કોચીંગ આપવા માટે કાર્યરત છે. આ સાથે તેઓ બીએસએનએલમાં સ્પોર્ટસ ઈન્સ્પેકટર તરીકે સેવાઓ આપી રહ્યા છે.



ઑલરાઉન્ડર સલીલ ગીરીશભાઈ યાદવે રાઈટ હેન્ડ બેટસમેન હોવા સાથે લેગબ્રેક બોલર તરીકે ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં વર્ષ ૨૦૦૧-૦૨માં ડેબ્યુ કર્યું હતું અને પોતાની છેલ્લી મેચ તેઓ ૨૦૧૧માં મધ્યપ્રદેશ સામે ઈન્દોર ખાતે રમ્યા હતા. તેઓ ૧૭ લિસ્ટ-એ મેચો અને ૬ ટવેન્ટી ટવેન્ટી પણ રમી ચુકયા છે. ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં તેમણે ૪૯ વિકેટ ઝડપી જેમાં સર્વોત્તમ દેખાવ તેમનો ૧૨૩ રનમાં ૬ વિકેટનો હતો અને બેટસમેન તરીકે હાઈએસ્ટ સ્કોર ૭૧ રનનો હતો.સલીલ યાદવે ગુજરાતની ટીમ વતી ૨૦૦૧ થી ૨૦૧૪ દરમિયાન રણજી ટ્રોફીમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને તેઓની ૨૦૧૧માં નેશનલ ક્રિકેટ એકેડેમીમાં પણ પસંદગી થવા પામી હતી. આ ઉપરાંત તેઓ સી.કે. નાયડુ ટ્રોફી, કૂક બેહર ટ્રોફી અને વેસ્ટ ઝોનની અન્ડર-૧૯ ટીમ વતી ઈંગ્લેન્ડ સામે પણ રમી ચુકયા છે. સલીલ યાદવ ગાંધીનગરના મોખરાના ક્રિકટર્સમાં નામ ધરાવે છે અને તેઓ ગાંધીનગર ડિસ્ટ્રીકટ પ્લેયર્સ એસોસિએશન સાથે કાર્યરત હોવા સાથે ગાંધીનગર સ્પોર્ટસ એકેડેમીના નેજા હેઠળ શહેરની બાળ પ્રતિભાઓને નિખારવા પ્રયાસો કરી રહ્યા છે. તેમણે નિવૃત્તિ પ્રસંગે પોતાની કારકિર્દીમાં મદદરૂપ થનાર તમામ પૂર્વ અને સાથી ખેલાડીઓ, જીસીએના હોદેદરો, કોચ, મિત્રો સહિત પરિવારજનો પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિત કરી છે.





ઉનાળો આવતાં જ ધોમધખતી ગરમી સાથે કેસર કેરી પણ યાદ આવ્યા વિના રહે નહીં. શહેરમાં કેસર કેરીનું આગમન થઈ ચુકયુ છે અને શહેરના કોબા સર્કલ તરફના મુખ્ય માર્ગ પર જુનાગઢની કેસર કેરી વેચતાં વેપારીઓ નજરે ચઢી રહ્યાં છે.

# રાજ્યની ગૌશાળાઓ-પાંજરાપોળોને કાયમી સહાય-સબસીડી આપો

### ગૌમાતાને બચાવવા માટે કોબા ખાતે ગૌ અધિકાર મંથન સભામાં સંતો-મહંતો-ગૌશાળા સંચાલકો ઉમટી પડ્યા : સભાના સમાપન બાદ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને આવેદન પત્ર અપાયું



ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના કોબા સર્કલ ખાતે ૪૮ ગામ કડવા પાટીદાર સમાજની વાડી ખાતે આજે કલાકે ગૌસેવા સંઘ આયોજિત ગૌ અધિકાર મંથન સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાતની ગૌશાળા અને પાંજરાપોળને સરકાર દ્વારા કાયમી સહાય- સબસીડી મળે તે હેતુથી એકઠાં થયેલા સંતો-મહંતો અને ગૌશાળાના સંચાલકોએ એક સૂરમાં અવાજ ઉઠાવ્યો હતો. ગૌ અધિકાર મંથન સભાના સમાપન બાદ સંતો-મહંતો સહિત ગૌશાળાના સંચાલકોના પ્રતિનિધિઓએ સ્વર્ણિમ સંકુલ-૧ ખાતે જઈને કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને આવેદન પત્ર આપ્યું હતું.

ગૌ અધિકાર મંથન સભામાં ગૌધામ મહાતીર્થ પથમેડાથી ગૌઋષિ સ્વામી પૂ. દત્તશરણાનંદજી મહારાજ તથા દૂધરેજથી મહંત કનીરામદાસ બાપુ, અમદાવાદના જમાલપુર ખાતેના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ, સાયલાના દુર્ગાદાસજી મહારાજ, લીમડીના લલિત દાસજી મહારાજ, દેકાવાડાથી કાલીદાસજી મહારાજ, અંજારથી ત્રિકમદાસજી મહારાજ, મોરબીથી કથાકાર કનકેશ્વરી દેવી, અમરેલીના વાલદાસ બાપુ તથા ગુજરાતના વિશેષ સંતો મહાપુરુષો તથા વિશેષ ગૌભક્તોનુ આગમન થશે. આ સાથે ગુજરાતના દરેક જિલ્લામાંથી ગૌશાળાઓ અને પાંજરાપોળના જવાબદાર કાર્યકર્તા ગૌ ભક્તો ઉમટી પડ્યાં હતા અને સૌએ એક જ સૂરમાં ગુજરાતની ગૌશાળા અને પાંજરાપોળને સરકાર દ્વારા કાયમી સહાય-સબસીડી મળવી જોઈએ તેવો મત વ્યક્ત કર્યો હતો.

## જન્મદિને વધામણી



અરૂણભાઈ બુચ
પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મંડળ
ફોન : ૨૩૨ ૬૦૩૭૦



નારણભાઈ ચુડાસમા
મો. ૯૭૨૬૯ ૮૨૪૯૧



પાર્થ પટેલ
રાધે રાધે ગૃપ



આદિલહુસેન આઈ સૈયદ



હરિત પટેલ
રાધે રાધે ગૃપ



કિઆન વાંકાણી



કૌશિક પ્રજાપતિ
રાધે રાધે ગૃપ



વિઠ્ઠલભાઈ જે પરમાર
મો. ૯૩૭૪૬ ૯૬૮૦૮



વરૂણ ચિરાગભાઈ વ્યાસ
ફોન : ૯૦૯૯૯ ૦૩૪૯૯



દિપિકાબેન અશોકુમાર ત્રિવેદી



યશ્વી સંદીપકુમાર વ્યાસ
મો. ૯૪૦૮૭ ૬૦૭૫૯



પટેલ પંથ આશિષભાઈ

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. પ્રજાપતિ મુકેશભાઈ શંકરભાઈ
  ઉ.વ. ૫૨, સોનીપુર, રૂપાલ
- સ્વ. પટેલ પ્રશાંતકુમાર કિર્તીભાઈ
  ઉ.વ. ૩૫, સોનાસણ, પ્રાંતિજ
- સ્વ. પટેલ શકરીબેન અમીચંદભાઈ
  ઉ.વ. ૭૨, સેકટર-૩૦
- સ્વ. રાઠોડ દિપસિંહ મહોબતસિંહ
  ઉ.વ. ૮૧, સેકટર-૫
- સ્વ. બારોટ ધીમતલાલ વ્રજલાલ
  ઉ.વ. ૯૦, સેકટર-૬
- સ્વ. વનીયર જગનાથન વેંકટસ્વામી
  ઉ.વ. ૩૮, પેથાપુર
- સ્વ. વાઘેલા ચંદુબા લક્ષ્મણજી
  ઉ.વ. ૭૮, વાસન મહાદેવ
- સ્વ. રામોતાર બજરંગલાલ ગૌતમ
  ઉ.વ. ૭૦, કોલવડા
- સ્વ. પરમાર ડાહ્યાભાઈ કુબેરભાઈ
  ઉ.વ. ૬૧, પેથાપુર
- સ્વ. વણઝારા બાબુજી વિરાજી
  ઉ.વ. ૫૪, હાલીસા
- સ્વ. રાણા વિપુલસિંહ અનુજી
  ઉ.વ. ૪૧, ધણપ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. રાણા ગજરાબા શામળજી
  ઉ.વ. ૭૫, ધણપ
- સ્વ. ઠાકોર લક્ષ્મણજી ગાંડાજી
  ઉ.વ. ૪૬, સબાસપુર, કલોલ
- સ્વ. વ્યાસ દીપક નરોત્તમદાસ
  ઉ.વ. ૬૦, સેકટર-૨
- સ્વ. ત્રિવેદી હર્ષવીણાબેન સુનિલકુમાર
  ઉ.વ. ૬૩, રાંદેસણ
- સ્વ. દેસાઈ કુસુમબેન કીરીટભાઈ
  ઉ.વ. ૮૧, સેકટર-૫
- સ્વ. વ્યાસ રમેશચંદ્ર અમૃતલાલ
  ઉ.વ. ૬૬, સેકટર-૪

## ઉનાવા ખાતે યુવાનોએ ૬ હજાર એન-૯૫ માસ્કનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર તાલુકાના ઉનાવા ખાતે આજે સાબરમતી ગેસના સૌજન્યથી અને રોટરી કલબ ઓફ ગાંધીનગરના સહયોગથી ૬ હજાર એન-૯૫ માસ્કના નિઃશુલ્ક વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ઉનાવાના વિદ્યાર્થી આશ્રમ ખાતે યુથ કલબ ઓફ ઉનાવા દ્વારા ગ્રામ પંચાયતના સહકારથી યોજાયો હતો. જેમાં સાબરમતી ગેસના રવિભાઈ, મેથ્યુભાઈ, રોટરીના કુલદીપ જૈન તથા દિલીપભાઈ પટેલ સહિત પદાધિકારીઓ જોડાયા હતા. કાર્યક્રમ વિદ્યાર્થી આશ્રમના પ્રમુખ જે.એસ. પટેલના માર્ગદર્શન અને સરપંચ પિયુષભાઈ પટેલની રાહબરી હેઠળ યોજાયો હતો. જેમાં યુથ કલબના સ્વયંસેવકોએ ગામમાં ડોર ટુ ડોર ફરી ફરીને માસ્ક વિતરણ કર્યુ હતું. આ પ્રસંગે તાલુકા પંચાયતના સદસ્ય રાકેશભાઈ ઠાકોર, અગ્રણી બળવંતસિંહ સોલંકી વગેરે પણ જોડાયા હતા. રોટરી કલબના પૂર્વ પ્રમુખ કિરણભાઈ પટેલના પ્રયાસોથી આયોજિત આ કાર્યક્રમનું સંચાલન ચિનુભાઈ પટેલે કર્યુ હતું તેમજ સમાપને ઘનશ્યામભાઈ પટેલે આભારવિધિ કરી હતી.



## આ બાળક સાથે અજાણી મહિલા દેખાય તો પોલીસનો સંપર્ક કરવો



ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સેકટર-૭ પો.સ્ટે. ગુ.ર.નં-૧૧૨૧૬૦૦૮૨૧૦૧૨૦/૨૦૨૧ ઈપીકો કલમ ૩૬૩,૪૦૬ મુજબના કામે ફોટાવાળુ બાળક(છોકરો) ઉ.વ.દિન-૫નાને તા-૦૧/૦૪/૨૦૨૧ ના ક.૧૧/૩૦ વાગે સીવીલ હોસ્પીટલ ગાંધીનગરથી એક અજાણી સ્ત્રી અપહરણ કરી લઈ ગયેલ હોય જે બાળકને શરીરે પીળા કલરનુ ઝભલુ પહેરાવેલ છે અને આરોપી સ્ત્રીએ શરીરે આછા વાદળી કલરની સાડી પહેરેલ છે. શરીરે મધ્યમ બાંધાની છે મોઢુ લંબગોળ છે. જે ફોટાવાળુ બાળક તેમજ આરોપી સ્ત્રી મળી આવે તો નીચેના ટેલીફોન નંબર ઉપર તથા નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવા વિનંતી છે. સેક્ટર-૭ પો.સ્ટે. ફોન નં- ૦૭૯-૨૩૨૨૦૮૨૭, ૯૦૫૪૩૯૭૬૮૪. પોલીસ કંટ્રોલરૂમ ગાંધીનગર-૦૭૯-૨૩૨૧૦૯૧૪

## શહેરની ચુંટણીમાં બહુજન સમાજ પાર્ટીના ૧૫ ઉમેદવારો મેદાને

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં ભાજપ, કોંગ્રેસ અને આપ પાર્ટીના ઉમેદવારો ચુંટણી લડી રહ્યા છે. ત્યારે બહુજન સમાજ પાર્ટીના પણ ૧૫ ઉમેદવારો વિવિધ વોર્ડમાંથી પોતાની ઉમેદવારી નોંધાવી છે. કેટલાક વોર્ડમાં બહુજન સમાજ પાર્ટીના ઉમેદવારો મજબુત હોવાથી બરાબરીનો જંગ પણ જામે તેવું લાગી રહ્યું છે.ત્યારે વોર્ડ નં.૩ માંથી ડામોર રાજેશ ધીરસિંહ, વોર્ડ નં.૪ માંથી રંજનબેન સુરેશકુમાર ઠાકોર, ચંદુભાઈ સેનમા, વ્હોરા શબ્બીર, વોર્ડ નં.૫ માંથી એડવોકેટ અંબાલાલ જેપાલ, વોર્ડ નં.૬ માંથી ભાવેશ આગજા અને અભય દેસાઈ ચુંટણી લડી રહ્યા છે. ત્યારે વોર્ડ નં.૮ માંથી નેહાબેન પટેલ, કીરીટભાઈ પરમાર અને રાજેશ ડામોર, વોર્ડ નં.૯ માંથી સંજય પટેલ, વોર્ડ નં.૧૦ માંથી કૌશિક શ્રીમાળી, નિમેષ વણકર, અને પુષ્પાબેન, જયારે વોર્ડ નં.૧૧ માંથી બિપિનભાઈ સોલંકી બહુજન સમાજ પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવી ચુંટણીનો પ્રચાર પ્રસાર કરી રહ્યા છે.

## વોર્ડ નં-૬ ના ભાજપના ઉમેદવારો દ્વારા તાત્કાલીક સમસ્યાનું સમાધાન કરાયું

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીના પડઘમ વાગી ચુક્યા છે. ઉમેદવારો ઓછા સમયમાં મતદારો સુધી પહોંચવા માટે રાત દિવસ એક કરી રહ્યા છે. ત્યારે આજે વોર્ડ નં.૬ ના ભાજપના ઉમેદવારો પોતાના મત વિસ્તારમાં સેકટર-૧૩ છાપરા વિસ્તારમાં પ્રચાર માટે ગયા હતા. તે સમયે નાગરીકો દ્વારા તેમની સમસ્યા રજુ કરાઈ હતી. જેમાં છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાતા સ્થાનિક શ્રમિક પરિવારો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા હતા. ત્યારે ઉમેદવારોમાં ભાવનાબા ગોલ, પ્રેમલતાબેન મહેરીયા, મફાભાઈ દેસાઈ અને ગૌરાંગ વ્યાસ તેમજ સામાજીક કાર્યકર વિક્રમસિંહ ગોલ દ્વારા શ્રમિક પરિવારોનું સમસ્યાનું તાત્કાલીક ધોરણે સમાધાન કરાયું હતું. સેકટર-૧૩ છાપરા વિસ્તારમાં વિક્રમસિંહ ગોલ સ્થળ પર ઉભા રહીને મશીન સાથે માણસોને બોલાવી તાત્કાલીક શ્રમિકોની સમસ્યા દુર કરાઈ હતી. શ્રમિકોની રજુઆત ભાજપના ઉમેદવારો અને સામાજીક કાર્યકરે ગંભીરતાથી લેતા અને ઝડપી સમાધાન થતા શ્રમિક પરિવારમાં આનંદની લ્હેર પ્રસરી જવા પામી હતી. ત્યારે કોંગ્રેસના ગઢ સમાન વોર્ડ નં.૬ માં આ વખતે ભાજપનું કમળ ખીલે તો નવાઈ નહી..



## આમ આદમી પાર્ટીની 'આમ આદમી' સાથે વાતચીત



શહેરમાં ચુંટણી પ્રચારના શ્રી ગણેશ થઈ ચુકયા છે અને આ વખેત ત્રિપાંખિયો જંગ ખેલાઈ રહ્યો છે. મહાનગરપાલિકાની ચુંટણીથે ઉતરેલી આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ સેકટર-૨૧માં શાકમાર્કેટ ખાતે લારી ગલ્લા ધરાવતા 'આમ આદમી'ને મળી તેમની સમસ્યા સમજવા સાથે પાર્ટીનું પ્રચાર કાર્ય કરતા નજરે ચઢયા હતા.